લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટને મંત્રીમંડળની મંજૂરી

૬ મહિનામાં જ ફેંસલો, ૧૪ વર્ષની જેલ, જંત્રી જેટલો દંડ

ગાંધીનગર,તા.૨૬

ગુજરાતમાં અનેક વાર ભૂમાફિયાઓનાં ત્રાસથી લોકો જમીન છોડી જવાના કિસ્સા સામે આવ્યા છે. તો થોડા સમય પહેલાં જ ભૂમાફિયાઓ દ્વારા ફાયરિંગની ઘટનાઓ પણ સામે આવી હતી. તેવામાં હવે ભૂમાફિયાઓ પર અંકુશ મેળવવા માટે રાજ્યની વિજય રૂપાણી સરકારે મોટો નિર્ણય કર્યો છે. ભૂમાફિયાઓ સામે કડક પગલાં લેવા માટે લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટને કેબિનેટ બેઠકમાં મંજૂરી આપી દેવામાં આવી છે. મહેસૂલ મંત્રી કૌશિક પટેલે પ્રેસ કોન્ફરન્સ કરીને આ માહિતી આપી હતી.

આજે રાજ્યની કેબિનેટ બેઠકમાં ભૂમાફિયાઓ પર અંકુશ મેળવવા માટે સરકારે નિર્ણય કર્યો હતો. અને આ માટે લાવવામાં આવેલાં લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટને કેબિનેટે મંજૂરી આપી દીધી હતી. આ મામલે મહેસૂલ મંત્રી કૌશિક પટેલે પ્રેસ કોન્ફરન્સ સંબોધીને જણાવ્યું હતું કે, જમીનની કિંમતો વધતાં ભૂમાફિયાઓનું જોર વધ્યું છે. અને તેમના પર અંકુશ મેળવવા માટે સરકાર આ કાયદો લઈને આવી છે. આ કાયદામાં જમીન હડપનારને ૧૦થી ૧૪ વર્ષની સજાની જોગવાઈ છે. અને કોર્ટમાં લેન્ડ ગ્રેબિંગ કેસનો ચુકાદો ૬ માસમાં આવશે. આ ઉપરાંત ઈ છ પોર્ટલ પર મહેસૂલી સેવાઓની અરજી કરી શકાશે તેવું પણ મહેસૂલ મંત્રીએ જણાવ્યું હતું.

ગરીબ, ઓછુ ભણેલા ખેડૂતો, મિલકત માલિકોને ડરાવી, ધમકાવી જમીનો પર કબ્જો કરતા વગદારો અને ભૂમાફિયાઓનું હવે આવી બનશે. ગેરકાયદે જમીનો પચાવી પાડનારા સામે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ લાવવાની જાહેરાત કરી છે. બુધવારે કેબિનેટની બેઠકમાં નવા કાયદાનો પ્રસ્તાવમાં જમીનો પચાવવાના કિસ્સામાં કેસ દાખલ થયાના છ જ મહિનામાં કોર્ટ દ્વારા ફેંસલો અને ગુનેગારને ૧૪ વર્ષ સુધીની જેલ તેમજ જમીનની જંત્રી જેટલો દંડ વસૂલવા જેવા આકરી સજા અને દંડની જોગવાઈ કરવામાં આવી છે.

લોકોમાં જાગૃતિને અભાવે અનેક જિલ્લાઓમાં મિલકત માલિકોની જમીનો લૂંટાયા બાદ હવે સરકારે લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ- ૨૦૨૦ લાવવાની જાહેરાત કરી છે. જેમાં ગેરકાયદેસર કબ્જો લેનાર, આવી જમીન ઉપર બાંધકામ માટે નાણાકિય સહાય કરનાર, તેમજ ભોગવટેદારો પાસેથી ધાક-ધમકીથી ભાડુ, વળતર કે અન્ય વસૂલાત કરનાર અને તેમાં મદદગારી કરનાર એવા તમામને જમીન પચાવી પાડનારની વ્યખ્યામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

કેસોની ઝડપી સૂનાવણી થાય તેના માટે સરકાર સ્પેશિયલ કોર્ટની સ્થાપના કરશે. કેસ દાખલ થયાના છ જ મહિનામા કેસનો નિકાલ આવે તેવી વ્યવસ્થા પણ થશે. કસૂરવારને ૧૦ થી ૧૪ વર્ષની જેલની સજા તેમજ જમીનની જંત્રી જેટલો દંડ થઈ શકે.

કંપની કે પેઢીના કેસમાં ભાગીદારો જેલ ભેગા થશે

કાયદામાં માત્ર ખાનગી, ધાર્મિક- શૈક્ષણિક- સામાજિક સંગઠનોની માલિકીની જ નહી પણ સરકારી, પાલિકા- પંચાયત સહિત સ્થાનિક સત્તા મંડળોની જમીનોમાં જે કાયદેસરના ભાડુઆતો ન હોય અને ભોગવટો ચાલુ રાખે તેવી પ્રવૃતિઓ સાથે સંકળાયેલા વ્યક્તિને પણ ગુનેગાર ગણવાનું ઠેરવ્યું છે. જમીન ખરીદ-વેચાણની ગેરરિતી આચરવાના કિસ્સામાં જો કોઈ કંપની, વેપારી પેઢી સામેલ હશે તો તેના જવાબદાર વહિવટકર્તા, ભાગીદારોને પણ જેલમાં જવાનો વારો આવશે.

ખૂણેખાંચરેથી

- પોષણ અભિયાન અંતર્ગત આજે રાજ્યના મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા એક વિડીયો કોન્ફરન્સમાં કુપોષણ અભિયાન સહિતના મુદ્દાઓની ચર્ચા કરાઈ હતી.
- ગાંધીનગર નાગરિક બેંકના ડિરેકટર અને પેન્શનર સમાજના અગ્રણી નરેન્દ્રભાઈ શાહના લઘુબંધુ નિરંજનભાઈ શાહનું કોરોનાને કારણે વડોદરા ખાતે દુઃખદ અવસાન થયું છે.
- સેકટર-૧૧માં આવેલ રામકથા મેદાનમાં પાણી ભરાઈ જતાં આસપાસ વિકસેલ કોમર્શિયલ વિસ્તારના માલિકોના વાહન પાર્કિંગની વિકટ સમસ્યા ઉભી થવા પામી છે.
- ગાંધીનગર જિલ્લા પંચયાત અને તેની આસપાસના વિસ્તારોમાં પાણી ભરાઈ રહેતાં મચ્છરોની ઉત્પત્તિ વધવા પામી છે અને મચ્છરજન્ય રોગચાળાની દહેશત ઉભી થવા પામી છે.
- શહેરના અનેક વિસ્તારોમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદો વધવા પામી છે.
- ગાંધીનગર જિલ્લામાં કોવિડ-૧૯ના સંક્રમણની સ્થિતિ અંગે સમીક્ષા કરવા પ્રભારી સચિવ સુનયના તોમરે આજે વિડીયો-કોન્ફરન્સ કરી હતી.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

જે પાર્ટી અમારા સારા સારા ભાઈબંધને તેમની પાર્ટીમાં લઈ ગઈ એનું મોં જોવા અમે નથી માંગતા... તમારા રોડ પર પડેલા ખાડા માટે તમે જાતે જ લડી લો...!!

કોબા પાસે ૧,૪૫,૧૮૮ વિદેશી દારુની બોટલ પર બુલડોઝર ફેરવાયું

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર નજીક કોબા પાસે પોલીસે પકડેલા કરોડો રૂપીયાના વિદેશી દારૂની બોટલ પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૭ થી જુલાઈ-૨૦૨૦ સુધી જિલ્લાના ૮ પોલીસ મથકમાં નોંધાયેલા ૪૭૩ પ્રોહીબીશનના ગુનામાં ૧,૪૫,૧૮૮ બોટલ વિદેશી દારુની ઝડપાઈ હતી. પોલીસે કોબા પાસે રૂ.૪.૮૨,૯૨, ૭૯૪ રૂપીયાની દારૂની બોટલ પર ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં બુલડોઝર ફેરવી દારુના નાશની કામગીરી કરવામાં આવી હતી.

મળતી વિગત મુજબ વર્ષ ૨૦૧૭ થી જુલાઈ -૨૦૨૦ દરમિયાન ગાંધીનગર જિલ્લાના વિવિધ ૮ પોલીસ મથક વિસ્તારમાં પ્રોહીબિશનના કુલ ૪૭૩ ગુના નોંધાયેલા છે. જેમાં ૧,૪૫,૧૮૮ બોટલ દારુની ઝડપાઈ છે. ચિલોડા પોલીસ મથકમાં સૌથી વધુ ૧૨૩ ગુના નોંધાયેલા છે. જયારે સૌથી ઓછા પ્રોહીના કેસ ઈન્ફોસીટી પોલીસ મથકમાં માત્ર ૧૭ જ નોંધાયા છે. જયારે શહેરી વિસ્તારમાં સેકટર-૨૧ પોલીસ મથકમાં ૮૨, દહેગામમાં-૭૦, જયારે ડભોડામાં ૬૪ તો પેથાપુરમાં ૬૨ ગુના નોંધાયેલ છે. જયારે સેકટર-૭ પોલીસ મથકમાં ૨૦ અને રખીયાલમાં ૩૫ ગુના પ્રોહીબિશનના નોંધાયેલા છે. કોબા પાસે પોલીસે રૂ. ૪,૮૨,૯૨, ૭૯૪ ની ૧,૪૫,૧૮૮ વિદેશી દારુની બોટલ પર ડીવાયએસપી. એમ.કે.રાણા, પ્રાંત અધિકારી ભોરણીયા, તેમજ મામલતદાર સુનિલ રાવલ સહિત પોલીસ અધિકારીઓની હાજરીમાં દારૂનો નાશ કરાયો હતો.

ફીરોજપુર નજીક એકટીવાચાલક પાસેથી ૪ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર ગીફટસીટી થી ફિરોઝપુર ગામ તરફ જતા માર્ગ પરથી ૪ બોટલ દારૂ સાથે એકટીવા ચાલક યુવક ઝડપાયો છે. પોલીસે દારૂ, મોબાઈલ અને એકટીવા મળીને કુલ રૂ.૩૧,૬૦૦ ના મુદ્દામાલ જપ્ત કરી યુવક સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

વલાદ ગામે રહેતા સાહિત અનિલભાઈ વ્યાસ (વ્યાસવાડો)પોતાનું એકટીવા નં. જી.જે.૨૭.એ.બી.-૬૯૪૭ વ્હાઈટ કલરનું લઈને ફીરોજપુર થી ગીફટસીટી માર્ગ પર તરફ પસાર થઈ રહ્યો હતો તે સમયે ડભોડા પોલીસે બાતમીને પગલે તેને પકડી પાડ્યો હતો. પોલીસે એકટીવાની ડેકી ચેક કરતા તેમાંથી રૂ. ૧૬૦૦ ની કિંમતની ૪ બોટલ દારૂ મળી આવ્યો હતો. પોલીસે યુવક પાસેથી ૫ હજારનો મોબાઈલ અને રૂ.૨૫ હજારનો એકટીવા સહિતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચોરીના બાઈક સાથે આરોપીને ઝડપી પાડતી એલસીબી-૨ પોલીસ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પીએસઆઈ પી.ડી.વાઘેલા તેમજ એએસઆઈ હરદેવસિંહ, પોલીસ કોન્સ્ટેબલ ભવાનસિંહ, રવિન્દ્રસિંહ સે-૨૧ પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. મળતી વિગત મુજબ તે સમયે સેકટર-૩૦ મુકિતધામ ચોકડી પાસેથી સુનિલ સવજીભાઈ ચમાર (ઉં.૩૨ રહે.પોયડા ગામ તા.તલોજ જી.સાબરકાંઠા) ને બ્લેક કલરના સીબીઝેડ મોટર સાઈકલ નં. જી.જે.૦૫.એચ.ડી.-૨૯૩૭ સાથે પકડી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી બાઈકને લગતા આરટીઓના કાગળો માંગતા યુવક ગલ્લાતલ્લા કરવા લાગ્યો હતો. પોલીસે ઉંડાણપૂર્વક પુછતાછ કરતા તેણે આ બાઈક ગત તા.૨૧ ના રોજ સેકટર-૨૧ એમએલએ કવાટર્સમાંથી ચોરી કરી હોવાનું જણાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ભાજપ પ્રદેશ પ્રમુખે ૩૮ સભ્યો સસ્પેન્ડ કર્યાં

ગાંધીનગર,તા.૨૬

ભાજપમાં આંતરીક જૂથબંધી તાજેતરમાં યોજાયેલી નગરપાલિકાઓના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીમાં સપાટી પર આવવા પામ્યો છે જેના લીધે ભાજપને કેટલીક નગરપાલિકા ખોવાનો વારો પણ આવ્યો છે. રાજ્યમાં ખેડબ્રમ્હ, થરાદ, રાપર, ઉપલેટા અને તળાજા નગરપાલિકામાં ભાજપના ચૂંટાયેલા સભ્યોએ ખુલ્લેઆમ પ્રદેશ મેન્ડેટની વિરુદ્ધમાં મતદાન કર્યું હતું. આજે નવા વરાયેલા પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે શિસ્તનો કોરડો વિંઝતા હારિજમાંથી ૪, ખેડબ્રમ્હામાંથી ૨, થરાદમાંથી ૩, ઊપલેટામાંથી ૧૪, રાપરમાંથી ૧૩ અને તળાજામાંથી ૨ લોક સહિત કુલ ૩૮ સભ્યો સામે પક્ષના મેન્ડેટનો અનાદર કરવા બદલ વિંઝતા તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કર્યાં છે. ભાજપમાં આંતરીક અસંતોષે જોર પકડ્યું છે. જે નગરપાલિકાની ચુંટણી દરમીયાન પ્રદેશ નેતાગીરીને અનુભવ થઇ ગયો.

અડાલજ પાસે પેટ્રોલ પુરૂ થઈ જતા પાર્ક કરેલુ એકટીવા ચોરાયું

ગાંધીનગર, તા. ૨૬

અડાલજ નર્મદા કેનાલ નજીક આવેલી બાલાજી કુટીર પાસેથી એક યુવકનું એકટીવા ચોરાયું છે. યુવકે એકટીવામાં પેટ્રોલ પુરૂ થઈ જતા પાર્ક કર્યું હતું. બનાવ અંગે યુવકે અડાલજ પોલીસે ફરીયાદ નોંધાવી છે.

અડાલજ પાસે દેવનંદન પરિસર રોયલ રેસીડેન્સી ખાતે રહેતા પાર્થ પુનિતભાઈ સાધુ અમદાવાદ ખાતે ખાનગી કંપનીમાં ફરજ બજાવે છે. ગત તા. ૧૯ ઓગસ્ટના રોજ તેઓ ઘરેથી સવારે ૧૧ વાગે નોકરી જવા માટે એકટીવા નં.જી.જે.૨૭. ડી.એ.-૬૭૨૦ લઈને નીકળ્યા હતા. પરંતુ માર્ગમાં એકટીવામાં પેટ્રોલ પુરૂ થઈ જતા અને નોકરીનું મોડુ થતુ હોવાથી એકટીવા બાલાજી કુટીર અડાલજ કેનાલ પાસે પાર્ક કર્યું હતું. ત્યારબાદ તેઓ રીક્ષામાં બેસીને નોકરી પર ગયા હતા અને સાંજના ૪ વાગે નોકરી થી પરત ફરીને એકટીવા લેવા માટે બાલાજી કુટીર પાસે ગયા હતા. તે સમયે તેઓએ જોયુ તો તેઓનું એકટીવા ગાયબ હતું. જેથી પાર્થભાઈએ આસપાસના વિસ્તારમાં તપાસ હાથ ધરી હતી. તે ઉપરાંત એકટીવા ટોઈંગવાળા લઈ ગયા હશે તેમ માનીને વિવિધ સ્થળે તપાસ કરી હતી પરંતુ એકટીવા મળી આવ્યું ન હતું.આખરે યુવકે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

લાયન્સ કલબ ઓફ ગંધીનગર દ્વારા નગરના જરૂરિયાતમંદોને રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો લાભ લગભગ ૧૦૦ જરૂરિયાતમંદોએ લીધો હતો. આ સેવા કાર્યમાં કલબના પ્રમુખ, મંત્રી તેમજ સભ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

હવે, મેડિકલના વિદ્યાર્થીઓ ચાર હપ્તામાં ફી ચુકવી શકશે

સરકાર દ્વારા વિદ્યાર્થીઓ માટે મહત્વનો નિર્ણય : મેડિકલ-ડેન્ટલના ૧૨૩૦૭ વિદ્યાર્થીઓને તથા પેરા મેડીકલના ૨૨૮૪૪ વિદ્યાર્થીઓ લાભ

ગાંધીનગર,તા.૨૬

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યુ છે કે, રાજ્યમાં પ્રવર્તી રહેલ કોરોનાની પરિસ્થિતિને ધ્યાને રાખીને રાજ્યની મેડીકલ તથા પેરા મેડીકલ કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જુલાઈમાં ભરવાની થતી સત્ર ફી માં રાહત આપીને આ ફી ચાર હપ્તામાં વિદ્યાર્થીઓ ભરી શકે તેવો વિદ્યાર્થી હીતલક્ષી નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. રાજ્યની સરકારી ગ્રાન્ટેડ તથા સેલ્ફ ફાઈનાન્સ કોલેજ મળી કુલ-૫૧૫ સંસ્થાઓમાં અભ્યાસ કરતાં એ.એન.એમ., જી.એન.એમ. તથા બી.એસ.સી. નર્સિંગ, ફિઝીયોથેરાપીના કુલ-૨૨૮૪૪ વિદ્યાર્થીઓને તથા મેડીકલ-ડેન્ટલ, આયુર્વેદિક તથા હોમિયોપેથીક કોલેજના કુલ-૧૨૩૦૭ વિદ્યાર્થીઓ મળી રાજ્યના કુલ-૩૫૧૫૧ વિદ્યાર્થીઓને આ રાહતનો લાભ મળશે.નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, આ નિર્ણયનો લાભ રાજ્યની ૬ સરકારી મેડીકલ કોલેજ, ૮ જી.એમ.ઇ.આર.એસ. કોલેજ, ૩ મહાનગરપાલિકા સંચાલિત કોલેજો, ૧૧ સેલ્ફ ફાઇનાન્સ કોલેજો મળી કુલ-૨૮ મેડીકલ કોલેજમાં અભ્યાસ કરતાં ૫૩૬૦ વિદ્યાર્થીઓ તથા ડેન્ટલ કોલેજ પૈકીની ૨ સરકારી કોલેજ અને ૧ જી.એ.મ.ઇ.આર.એસ. સોસાયટી, ૧ મહાનગરપાલિકા સંચાલિત તથા ૯ સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતા કુલ-૧૨૫૫ વિદ્યાર્થીઓને મળશે. રાજ્યની આયુર્વેદિક કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને પણ રાહત મળશે જેમાં ૬ સરકારી અને ૨૩ સેલ્ફ ફાઇનાન્સ આયુર્વેદિક કોલેજ મળી કુલ-૨૯ કોલેજોમાં અભ્યાસ કરતા ૨૦૮૨ વિદ્યાર્થીઓ અને સરકારી અને સેલ્ફ ફાઇનાન્સ હોમિયોપેથીક કોલેજમાં અભ્યાસ કરતાં ૩૬૧૦ વિદ્યાર્થીઓને પણ આ લાભ મળશે.નાયબ મુખ્યમંત્રી ઉમેર્યુ કે, એમ.બી.બી. એસ., ડેન્ટલ, સરકારી આયુર્વેદિક કોલેજ, હોમીયોપેથીક કોલેજ, નર્સિંગ કોલેજ, ફીઝીયોથેરાપી કોલેજ તથા અન્ય પેરા મેડીકલ કોર્ષ ચલાવતી કોલેજો જેવી કે સરકારી કોલેજો, જી.એ.મ.ઇ.આર.એસ. સોસાયટી સંચાલિત કોલેજો, મહાનગર પાલિકા સંચાલિત કોલેજો તથા સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને કોરોના મહામારીના અસામાન્ય સંજોગો ધ્યાનમાં લઇ ખાસ કિસ્સા તરીકે જુલાઇના સત્રથી ભરવાની થતી ફી માં જે રાહત આપવામાં આવી છે તદઅનુસાર સમગ્ર ફી ચાર હપ્તામાં વિદ્યાર્થીઓ ભરી શકશે.

મનપા-નગરપાલિકા ચૂંટણીઓમાં

એક વોર્ડ-એક બેઠકની માંગ સાથે સુપ્રિમ કોર્ટમાં પિટિશન કરાઇ

ગાંધીનગર,તા.૨૬

રાજ્યમાં મહાનગર પાલિકા/નગર પાલિકાઓ ચૂંટણીઓમાં એક વોર્ડ-એક બેઠકની માંગણીની પિટિશન કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટમાં આજે કોંગ્રેસના પ્રવક્તા નરેન્દ્ર રાવતની રીટ પિટિશનની ઓનલાઈન સુનાવણી ચીફ જસ્ટિસની કોર્ટમાં થઈ જેમાં વકીલ કપિલ સીબલે કેસની બંધારણીય ગંભીરતા બાબતે રજૂઆત કરી હતી. સુપ્રીમ કોર્ટે કેસની ગંભીરતાને જોતાં અને જૂની પિટિશન પણ સાડા ચાર વર્ષથી પેન્ડિંગ છે. તે જોતાં નામદાર ચીફ જસ્ટિસે ઓર્ડર કર્યો હતો કે બન્ને પિટિશનને સાથે ચલાવવામાં આવશે અને તાત્કાલિક સુનાવણીની તારીખ જાહેર કરી ટૂંક જ સમયમાં ચુકાદો જાહેર કરશે.

નરેન્દ્ર રાવતે સુપ્રીમ કોર્ટમાં ગુજરાત સરકાર, રાજ્ય ચૂંટણી પંચ અને વડોદરા મહાનગરપાલિકા પર બીજો કેસ કર્યો છે. રાજ્યની મહાનગરપાલિકાઓમાં / નગર પાલિકાઓની ચૂંટણીમાં એક વોર્ડમાં એક બેઠકની માગણી સાથેની રીટ પિટિશનની સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી. ભારતના બંધારણની અનામતના અધિકારનો ભંગ સામે નામદાર કોર્ટમાં સતત બીજો કેસ કર્યો છે. ચૂંટણી પંચ-સરકાર દ્વારા મનસ્વી નિર્ણયો સામે સવાલો ઉભા કર્યા છે.

જૂના સચિવાલય ખાતે શિક્ષિત બેરોજગારોએ વિરોધ પ્રદર્શિત કર્યો

બઢતી પ્રક્રિયાને અનલોક કરવાની માંગણી સાથે શિક્ષિત બેરોજગાર સમિતિના સભ્યોએ જૂના સચિવાલય ખાતે સાંજના સુમારે દેખાવો કર્યા હતા. શિક્ષિત બેરોજગાર સમિતિના સભ્ય યુવરાજસિંહે જણાવ્યું હતું કે રાજ્યમાં ૨૦૧૫થી ૪૦ હજારથી વધુ સરકારી ભરતીઓ અટકી પડી છે. ગુજરાતમાં આવેદનપત્ર અને આંદોલનો પણ કરાયા છે પરંતુ સરકાર તરફથી સકારાત્મક અભિગમ સાંપડતો નથી. સમિતિએ સરકારને ૩૧ ઑગસ્ટ સુધીનું અલ્ટીમેટમ આપ્યું છે. ભરતી શરૂ નહિ થાય તો ગાંધીનગરમાં આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી હતી. શિક્ષિત સમિતિના સભ્યો વિરોધ વ્યક્ત કરવા માટે જૂના સચિવાલય પહોંચીને 'પાંચ રૂપિયામાં ડીગ્રી અને પાંચ કરોડમાં ધારાસભ્યોના વેચાણ'ના નારા લગાવ્યા હતા. અચાનક દેખાવો શરૂ થઈ જતાં પોલીસ દોડતી થઈ હતી. તમામ પ્રદર્શનકારીઓને હટાવી દીધા હતા.

ગુજરાત બાદ મહારાષ્ટ્ર અને તમિલનાડુ પછીના ક્રમે

એક્ષપોર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્ષ ૨૦૨૦માં ગુજરાત પ્રથમ સ્થાને : નીતિ આયોગ

ઇન્ડેક્સ રેંકિંગ ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસના આધાર પર કરવામાં આવેલું દેશનું પ્રથમ એક્સપોર્ટ પ્રિપેડનેસ ઇન્ડક્સ રેંકિંગ

ગાંધીનગર, તા.૨૬

બુધવારે જાહેર થયેલા થિંક ટેકના અહેવાલમાં જણાવાયું છે કે નીતી આયોગના નિકાસ તૈયારી સૂચકાંક ૨૦૨૦માં ગુજરાતે પ્રથમ અને મહારાષ્ટ્ર અને તામિલનાડુ પછીના ક્રમે છે. નીતિ આયોગના સીઈઓ અમિતાભ કાંતે અહેવાલના પ્રારંભમાં બોલતા જણાવ્યું હતું કે નિકાસનો ઝડપી વિકાસ લાંબા ગાળાના આર્થિક વિકાસ માટે નિર્ણાયક ઘટક છે.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના દૃષ્ટિવંત આયોજન અને દિશા-દર્શનમાં ગુજરાતે વધુ એક ક્ષેત્રે દેશમાં નંબર-૧નું સીમાચિહ્ન પ્રસ્થાપિત કર્યું છે. નીતિ આયોગે આજે બહાર પાડેલા એક્ષપોર્ટ પ્રિપ્રેડ નેસ ઇન્ડેક્ષ – ૨૦૨૦માં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે રહ્યું છે

આ ઇન્ડેક્ષ રેંકીંગ ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના આધાર પર કરવામાં આવેલું દેશનું પ્રથમ એક્ષપોર્ટ પ્રીપ્રેડ નેસ ઇન્ડેક્સ રેંકિંગ છે અને તેમાં ગુજરાતે દેશના બધા જ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં સૌથી વધુ માનાંક મેળવીને ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

આ પેરામીટર્સમાં એક્ષપોર્ટ પ્રમોશન પોલીસી, ઇન્સ્ટીટયુશનલ ફ્રેમ વર્ક, બિઝનેસ ઇકો સિસ્ટમ, બિઝનેસ એન્વાયરમેન્ટ, ટ્રેડ સપોર્ટ, આર.એન્ડ ડી સપોર્ટ, એક્ષપોર્ટ ડાયવર્સીફીકેશન, ઇન્ફ્રાસ્ટ્રકચર તથા ટ્રાન્સપોર્ટ કનેક્ટીવીટી વગેરેનો સમાવેશ થાય છે

ગુજરાત મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં પોલીસી રીફોર્મ્સ અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસમાં અનેક સરળીકરણ સાથે દેશમાં પોલીસી ડ્રીવન સ્ટેટ તરીકે ઉભરી આવ્યું છે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

જાહેર નિવિદા નં.૦૨ સને ૨૦૨૦-૨૧

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ, આકાર કોમ્પલેક્ષ, શામળાજી રોડ, મોડાસા (ફોન નં. ૦૨૭૭૪-૨૪૭૨૯૩), જીલ્લો અરવલ્લી, ગુજરાત રાજ્યના જાહેર બાંધકામ વિભાગના કોન્ટ્રાક્ટરોની માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ કોન્ટ્રાક્ટરો પાસેથી એસ.કે.-૪, ભાગ-૨ જુથ યોજના અંતર્ગત જેસીંગપુર હેડવર્કસ ખાતે કંપાઉન્ડ વૉલની કામગીરી તથા માલસામાન ઉત્પાદકો તેમજ અધિકૃત વિક્રેતાઓ પાસેથી ફક્ત રજીપોએડીથી સીલબંધ કવરમાં એસ.કે.-૩ ભાગ-૨ જુથ યોજનાની મરામત અને નિભાવણી હેઠળ હેડવર્કસ ઉપર ઈલેક્ટ્રીફીકેશનના કામ તેમજ એસ.કે.-૩ જુથ યોજના અંતર્ગત ટેમ્પર પ્રુફ અરેવાલ્વ સપ્લાય તેમજ ફીટીંગ કરવાના માટેના ઉક્ત કામોની અંદાજીત કિંમત રૂ. ૫.૦૦ લાખની મર્યાદામાં છે. જે માટેના ટેન્ડરો બી-૧ ફોર્મમાં માંગવામાં આવે છે. ટેન્ડર આપવાની છેલ્લી તા. ૧/૯/૨૦૨૦ અને પરત લેવાની છેલ્લી તા. ૮/૯/૨૦૨૦ રાખવામાં આવેલ છે. આ અંગેની વિસ્તૃત વિહતોની માહિતી ઉપરોક્ત કચેરી પરથી ઓફીસ સમય દરમિયાન સંબંધકર્તાઓએ મેળવવાની રહેશે.

પીવાના પાણીની માટેની મુશ્કેલી અંગેની રજૂઆત ગ્રામીણ ક્ષેત્ર માટે બોર્ડની મુખ્ય કચેરીની હેલ્પલાઈન ટોલ ફ્રી નંબર-૧૯૧૬ ઉપર કરી શકાશે.

નામાનિ/હિંમત/૧૯૭/૨૦૨૦